# વેચાણ કરારથી સરકારી જંગલની જમીન પર અધિકાર નહીં : હાઈકોર્ટ

## રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતાં ઠરાવ્યું છે કે સરકારી જંગલ જમીનનો ભાગ બનેલી જમીનના વેચાણ કરારથી કોઈ અધિકાર કે માલિકી હક થઈ જતો નથી. આવા કરારના આધારે દાવો કરાયેલો કબજો રાજ્ય સામે ટકી શક્તો નથી. જસ્ટિસ જે. સી. દોશીએ વર્ષ ૨૦૦૪માં સિવિલ પ્રોસિજર કોડની કલમ ૧૦૦ હેઠળ ૩૦મી માર્ચ ૧૯૬૫ના રોજ રજિસ્ટર્ડ વેચાણ કરારના આધારે ગીર જંગલના જસાધાર રેન્જમાં આવેલી જમીન પર કબજો હોવાનો દાવો અરજદારે કર્યો હતો. આ જમીન મૂળ વસાહતીને વન વસાહત હેઠળ લીઝહોલ્ડ જમીન તરીકે આપવામાં આવી હતી. અરજદાર તરફથી દલીલ કરવામાં આવી હતી કે, વેચાણ કરાર મૂળ વસાહતીના વારસદાર હોવાનો દાવો કરનારા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યો હતો. જમીનનો કબજો કરાર અનુસાર સોપવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા કબજો રદ કરવાની ધમકી આપતા અરજદારે કાયમી મનાઈ હુકમ માગતો દાવો દાખલ કર્યો હતો. ત્યારબાદ જમીન અંગેના વન વિભાગ દ્વારા પસાર કરાયેલા આદેશને પડકારવા અરજદારે તેની ફરિયાદમાં સુધારો કર્યો હતો.

જોકે, ટ્રાયલ કોર્ટે આ દાવો ફગાવી દીધો હતો. જેને પ્રથમ અપીલ કોર્ટે પણ સમર્થન આપ્યું હતું.

ત્યારબાદ અરજદારે બીજી અપીલ હાઈકોર્ટમાં કરી હતી. હાઈકોર્ટ સમક્ષ એ મામલો આવ્યો હતો કે શું અરજદાર વેચાણ કરારના આધારે જંગલની વસાહતી જમીન સંબંધિત રાજ્ય સામે કોઈ હકનો દાવો કરી શકે છે અથવા કબજાનું રક્ષણ માગી શકે કે કેમ. કોર્ટે આ કેસમાં એવી ચકાસણી પણ કરી હતી કે, શું આવી પરિસ્થિતિઓમાં મિલકત ટ્રાન્સફર કાયદાની કલમ ૫૩૪ લાગુ કરી શકાય છે અને શું બીજી અપીલમાં વિચારણા માટે કાયદાનો કોઈ મહત્વપૂર્ણ પ્રશ્ન ઉભો થયો છે કે કેમ આ તમામ મુદ્દાનું મૂલ્યાંકન કર્યા બાદ હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે, અરજદાર વિવાદિત જમીનના સંદર્ભમાં કોઈપણ કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવો અધિકાર સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છે.

# વેન્ડરના નામે કંપનીને ફેક ઈમેઈલ મોકલી ઠગબાજોએ ૧૦.૮૦ લાખનો ચૂનો લગાવ્યો

ગાંધીનગર,

ગાંધીનગરના સાંતેજ સ્થિત એક ફાર્મા અને ફૂડ્સ કંપની સાથે ઈમેઈલ આઈડીમાં ફેરાફાર કરી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. અજાણ્યા ગઠિયાઓએ કંપનીના સત્તાવાર વેન્ડરના નામે ખોટો ઈમેઈલ કરી કુલ રૂ .૧૦.૮૦ લાખ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લેતા ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકે ગૂનો નોંધવામાં આવ્યો છે.

કલોલ ખાતે રહેતા પવન સાહેબરાવ વાઘ સાંતેજમાં આવેલી શ્રી એડિટિવ્સ ફાર્મા એન્ડ ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડમાં ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. જે મુજબ કંપનીના નંદાસણ યુનિટના સેટઅપ માટે મુંબઈની ડિઝાઇન સંયોજક નામની ફર્મ સાથે કામકાજ ચાલતું હતું.

આ ફર્મના બાકી પેમેન્ટ માટે કંપનીના ફાઈનાન્સ ડાયરેક્ટર નીરાલીબેન પટેલ સાથે ઈમેઈલ પર વાતચીત ચાલી રહી હતી. દરમિયાન ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અસલ વેન્ડર જેવા જ દેખાતા ખોટા ઈમેઈલ આઈડી પરથી નીરાલીબેનને મેઈલ મળ્યો હતો. જેમાં જણાવાયું હતું કે ડિઝાઈન સંયોજક ફર્મનું બેંક એકાઉન્ટ હાલમાં ઓડિટમાં હોવાથી પેમેન્ટ અન્ય ખાતામાં કરવાનું રહેશે.

બાદમાં ગઠિયાઓએ શ્રી નમો એન્ટરપ્રાઈઝના નામે પંજાબ નેશનલ બેંકની વિગતો મોકલી આપી હતી અને કંપનીએ આ વિગતો સાચી માનીને ઈ઼્જી દ્વારા ૧૦ લાખ ૮૦ હજાર ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે દિવાળીની રજાઓ બાદ આસિસ્ટન્ટ મેનેજર પવન વાઘે વેન્ડર કંપનીના મેનેજર શ્રીધર દદનાલા સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે, તેમણે આવો કોઈ ઈ-મેઈલ મોકલ્યો નથી કે તેમનું કોઈ એકાઉન્ટ ઓડિટમાં નથી.

જે અંગે ઊંડાણ પૂર્વક તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે ઠગબાજોએ કંપનીના અને વેન્ડરના નામને મળતા આવતા અનેક ફેક ઈમેઈલ આઈડી બનાવ્યા હતા. ગઠિયાઓએ પેમેન્ટ મળ્યાના બીજા જ દિવસે એટલે કે ૧૬ ઓક્ટોબરના રોજ ચેક દ્વારા તમામ રકમ ઉપાડી લીધી હતી. આ મામલે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર જાણ કર્યા બાદ ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# મિલકત ખરીદ્યા બાદ રેવન્યુ રેકર્ડમાં નામ ચડાવવાની પ્રક્રિયામાં થશે મોટો ફેરફાર

## મહેસૂલ વિભાગે સામાન્ય જનતા પાસે મંગાવ્યા સૂચનો




ગાંધીનગર,

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા જમીન અને મિલકતના દસ્તાવેજ થયા બાદ રેવન્યુ રેકર્ડમાં પડતી વેચાણ નોંધ' (Property Mutation Entry) ની પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને ભૂલરહિત બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે. આ પ્રક્રિયામાં કયા પ્રકારના સુધારા કરવા જોઈએ તે માટે સરકારે રાજ્યના પ્રજાજનો પાસેથી મંતવ્યો અને મહેસૂલ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, કોઈપણ નાગરિક મિલકત હસ્તાંતરણ અને વેચાણ નોધની હાલની પ્રક્રિયામાં અનુભવાતી મુશ્કેલીઓ અને તેના ઉકેલ માટેના સૂચનો સરકારને મોકલી શકે છે. આ સૂચનોના આધારે આગામી સમયમાં મહેસૂલી નિયમોમાં ફેરફાર કે નવા પરિપત્રો બહાર પાડવામાં આવશે.

# બળાત્કાર-POCSOના કેસમાં ૬૦ દિવસમાં ચાર્જશીટ ફાઈલ કરવી પડશે

## મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ વિભાગનો મહત્વનો નિર્ણય

ગાંધીનગર,

રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ પર થતા અત્યાચારોના કિસ્સામાં પીડિતોને ત્વરિત ન્યાય અપાવવા માટે સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશ અનુસાર હવેથી બળાત્કાર અને પોક્સો હેઠળના તમામ ગુનાઓની તપાસ ફરજિયાતપણે ૬૦ દિવસની અંદર પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કરવાની રહેશે. ગુજરાત રાજ્યમાં મહિલાઓ અને સગીર બાળાઓ સામે થતા જાતીય અપરાધોને રોકવા અને પીડિતોને ઝડપી ન્યાય અપાવવા માટે પોલીસ વિભાગે કમર કસી છે. સી.આઈ.ડી. (ક્રાઈમ અને રેલ્વેઝ) વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ દ્વારા તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકોને કડક સૂચના આપવામાં આવી છે કે મહિલા અને સગીર બાળા પરના બળાત્કારના ગુનાઓમાં હવેથી વધુમાં વધુ ૬૦ દિવસમાં તપાસ પૂર્ણ કરવાની રહેશે. નવા ફોજદારી કાયદા (BNSS) હેઠળ મહિલા સુરક્ષા માટે CID ક્રાઈમનો કડક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ૨૦૨૩ હેઠળ તપાસની ગુણવત્તામાં સુધારો કરવા માટે આ પગલું લેવાયું છે. કલમ ૧૯૩(૨) મુજબ જાતીય અપરાધોની એફ.આઈ.આર. નોંધાયાના બે મહિનાની અંદર તપાસ પૂર્ણ કરવી હવે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારી માટે કાયદેસરની જવાબદારી બની ગઈ છે. રાજ્યના તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓને આ બાબતે રિયલ-ટાઈમ મોનિટરિંગ કરવા સૂચના અપાઈ છે. ડિજિટલ પુરાવા અને ફોરેન્સિક પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. જેથી હવે ગુનાની સાબિતી માટે માત્ર નિવેદનો પૂરતા નહીં રહે. સાત વર્ષથી વધુની સજા હોય તેવા ગુનામાં ફોરેન્સિક નિષ્ણાતોની મુલાકાત અનિવાર્ય છે. ગુનાની તપાસની સમગ્ર પ્રક્રિયા અને પુરાવા એકત્ર કરવાની વિધિની વીડિયોગ્રાફી કરવી પડશે. જેથી કોર્ટમાં પુરાવા સાથે છેડછાડની શક્યતા ન રહે. આ સિવાય રાજ્યના તમામ પોલીસ મથકોએ ઈ-પ્રેઝ્રર્ઝ પ્લેટફોર્મ પર કેસની વિગતો સમયસર અપડેટ કરવી પડશે. આ ડેટા સીધો

# ગેરકાયદે રેતી ભરી જતાં પાંચ ડમ્પર ઝડપાયા

## મહેસાણાના નુગર અને ઊંઝા રોડ પરથી દોઢ કરોડના મુદ્દામાલ જપ્ત કર્યો, ૨ લાખનો દંડ વસૂલી ત્રણ ડમ્પર છોડી મુક્યા

મહેસાણા,

મહેસાણા શહેરના સીમાડા પરના નુગર સર્કલ પાસેથી ખાણ ખનીજ વિભાગે ગેરકાયદે રેતી ચોરી જતાં ત્રણ ડમ્પર ઝડપી લીધાં હતા. તેવી જ રીતે ઊંઝા રોડ પરથી અનધિકૃત રેતી ખનિજ ભરી જતાં બે ડમ્પર ગાડી ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી. આશરે દોઢેક કરોડ રૂપિયાના મુદ્દામાલને જપ્ત કરી ખનિજ અધિકારીઓએ ત્રણ વાહન માલિકો પાસેથી અંદાજીત બે લાખ રૂપિયાના દંડની વસૂલાત કરી ત્રણે ડમ્પર છોડી મૂક્યા હતા.

મહેસાણા શહેરના છેવાડા પર આવેલાં નુગર સર્કલ નજીક સ્થાનિક ભૂસ્તર અધિકારીઓ પેટ્રોલિંગ કરી રહ્યાં હતા. તે દરમિયાન રોયલ્ટી પરમીટ વગર સાદી રેતી ભરી જતાં ત્રણ ડમ્પરને ઝડપી પાડી નજીકના સ્ટોક યાર્ડમાં મુકાવી દીધાં હતા. જેમાં એક ડમ્પરમાં રોયલ્ટી પરમીટ વગર રેતી ખનિજ અને બે ડમ્પરમાં ઓવરલોડ રેતીનો જથ્થો ભર્યો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી ત્રણેય ડમ્પર ગાડીને સ્ટોક યાર્ડ ખાતે મુકાવી દઈ તેના વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.દંડ ફટકારી તેની ઓનલાઈન રિકવરી આકી ભૂસ્તર ટીમે આશરે દોઢેક કરોડનો મુદ્દામાલ કબજે લઈ ઓવરલોડ રેતી ભરેલાં બે ડમ્પરના માલિકો પાસેથી રૂ.૧.૩૮ લાખનો દંડ વસૂલી બંને વાહનોને મુક્ત કર્યા હતા.

# અમદાવાદમાં સિવિક સેન્ટરમાં આધારકાર્ડ કાઢી આપવા ૩૨ હજારની લાંચ લેતા ત્રણ ઝડપાયા

## એસીબીએ ત્રણેય શખ્સની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી

અમદાવાદ,

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલા સિવિક સેન્ટર ખાતે આધાર કાર્ડ કઢાવી આપવાના બહાને રૂ.૩૨,૦૦૦ની લાંચ માંગવા અને સ્વીકારવા બદલ એન્ટી કરપ્શન બ્યુરોએ ત્રણ શખ્સની ધરપકડ કરી છે.

કેસમાં ફરિયાદ કરનાર ૩૬ વર્ષીય વ્યક્તિને લોન લેવા માટે તાત્કાલિક આધાર કાર્ડની જરૂર હતી. જોકે, તેમની પાસે આધાર કાર્ડ માટે અનિવાર્ય એવું જન્મનું પ્રમાણપત્ર નહોતું.

નિયમ મુજબ જન્મના દાખલા વગર નવું આધાર કાર્ડ નીકળી શકે નહીં, પરંતુ સિવિક સેન્ટરના સ્ટાફ દ્વારા એવી લાલચ આપવામાં આવી હતી કે જો તેઓ પૈસા આપે, તો જન્મના દાખલા કે એલ.સી. (LC) વગર પણ કાર્ડની પ્રક્રિયા 'મેનેજ' કરી આપવામાં આવશે. આ કામ માટે આરોપીઓએ કુલ રૂ. ૩૨,૦૦૦ની માંગણી કરી હતી.

ભાગ્યેશ સોલંકી નામના શખ્સે લાંચની માંગણી કરી હતી. ત્યારબાદ જય પંચોલી અને સંદીપ નામના શખ્સોએ આ રકમ સ્વીકારી હતી. ફરિયાદ મળતા જ એસીબીએ છટકું ગોઠવ્યું હતું અને આ ત્રણેય શખ્સોને રંગેહાથ લાંચ લેતા ઝડપી પાડ્યા હતા.હાલમાં આ કૌભાંડમાં અન્ય કોઈ અધિકારીઓ કે એજન્ટો સામેલ છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે.

# વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિ.માં એબીવીપી કાર્યકરોનો ભારે હોબાળો

## કુલપતિની ચેમ્બરને તાળાબંધી કરી નારા લગાવ્યા

આણંદ,

રાજકીય પક્ષ પ્રેરિત વિદ્યાર્થી સંગઠન એબીવીપી, આણંદના કાર્યકર્તાઓ દ્વારા શિક્ષણનગરી વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીને બે કલાક સુધી બાનમાં લઈ રામધૂન સાથે સૂત્રોચ્ચાર કરી વિરોધ વ્યક્ત કરવામાં આવતા યુનિવસટીની કામગીરીમાં ખલેલ પહોંચી હતી. એબીવીપીના કાર્યકર્તાઓ દ્વારા કુલપતિની ચેમ્બરને તાળાબંધી પણ કરવામાં આવી હતી. તેમજ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર યુનિવર્સિટી ખાતે આવતા પ્રવેશ દ્વાર પાસે દરવાજા બંધ કરી તેઓને અટકાવવામાં આવતા રજિસ્ટ્રારે પરત જવાની ફરજ પડી હતી.

રાજકીય પક્ષ પ્રેરિત એબીવીપી વિદ્યાર્થી સંગઠન દ્વારા ૧૫ દિવસ પૂર્વે પીએચડીની પ્રવેશ પ્રક્રિયા અને યુનિવર્સિટી સંલગ્ન વિવિધ હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓને પડતી અગવડોને લઈ યુનિવર્સિટીમાં રજૂઆત કરવામાં આવી હતી. બાદમાં ગુરૂવારે બપોરે એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીને બાનમાં લેતા લગભગ બે કલાક સુધી હોબાળો મચાવ્યો હતો. યુનિવર્સિટીના કુલપતિને મળવાની માંગ સાથે સૌપ્રથમ એબીવીપીના કાર્યકરોએ યુનિવર્સિટીના પ્રવેશદ્વાર ખાતે ધરણાં કરી રામધૂન યોજી હતી. લગભગ અડધો કલાક સુધી પ્રદર્શન કરવા છતાં યુનિવસટીના કુલપતિ ન આવતા જોશમાં આવી ગયેલા વિદ્યાર્થીઓ કુલપતિની ચેમ્બર સુધી ધસી ગયા હતા, જ્યાં તેઓએ ચેમ્બરને તાળાબંધી કરી રામધૂન સાથે ભારે સૂત્રોચાર કર્યો હતો.

# કરજણ હાઈવે પર ટ્રક પાછળ ખાનગી બસ ટકરાતા બે મુસાફરોના મોત

## બસમાં ફસાયેલા મુસાફરોને પતરા કાપીને બહાર કાઢવામાં આવ્યા

વડોદરા,

વડોદરા જિલ્લાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર આજે વહેલી સવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ઔરંગાબાદથી અમદાવાદ તરફ જઈ રહેલી ખાનગી બસ કરજણના ધાવટ ચોકડી બ્રિજ પાસે સાઈડમાં ઉભેલી ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ૨ વ્યક્તિઓના ઘટનાસ્થળે જ મોત નીપજયા છે, જયારે ૧૦થી વધુ મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

અકસ્માત એટલો ભિષણ હતો કે, બસનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો અને ૨૫ થી વધુ મુસાફરો અંદર ફસાઈ ગયા હતા. કરજણ ફાયર સ્ટેશનની ટીમે તાત્કાલિક પહોંચીને બસના પતરા કાપીને લોકોને બહાર કાઢ્યા હતા. બસમાં ફસાયેલા મૃતદેહો અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા.

ઘટનાની જાણ થતા જ કરજણ પોલીસ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને હાઈવે પેટ્રોલિંગની ટીમ દોડી આવી હતી. ૧૦ જેટલા ઈજાગ્રસ્ત લોકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કરજણ પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી અજાણ્યા વાહન ચાલક કે બેદરકારી અંગે તપાસ શરૂ કરી છે. આ અકસ્માતને પગલે હાઈવે પર થોડો સમય ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જે પોલીસે હટાવીને વાહન વ્યવહાર પૂર્વવત કર્યો હતો.

# ગુજરાતના પુર્વ ધારાસભ્યોને પેન્શન મળે તે માટે લડત ચલાવાશે

ગાંધીધામ,

રાજયના પુર્વ ધારાસભ્યોની તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી કાઉન્સીલની બેઠકમાં વિવિધ બાબતો અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. રાજયના પુર્વ નાણામંત્રી અને રાપરના પુર્વ ધારાસભ્ય બાબુભાઈ મેઘજી શાહે અધ્યક્ષ સ્થાનેથી સ્વાગત પ્રવચન આપતા કહ્યું હતું કે પુર્વ ધારાસભ્યોઅ રાજયના વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપ્યું છે. મહામંત્રી ભીખાભાઈ પાબારીએ સંચાલન કર્યું હતું. જેમાં ગુજરાતના પુર્વ ધારાસભ્યોને દેશના અન્ય રાજયોની જેમ પેન્શન અને અન્ય સુવિધાઓ આપવા અંગે વિસ્તૃતમાં ચર્ચા વિચારણા



કરવામાં આવી હતી. ભરતભાઈ બારોટ( અમદાવાદ) , ધીરૂભાઈ ગજેરા (ઊસુરત ) પરબત ચાવડા ( જુનાગઠ), ડો. નિર્મલા વાસવાણી (અમદાવાદ), પુષ્પદાન ગઢવી (કચ્છ), જશુબેન કોરાટ (જેતપુર), મુળરાજસિંહ પરમાર (ગાંધીનગર), કરશનજી ઠાકોર, (મહેસાણા), પ્રો.શંકર રાઠવા, કેશાજી ઠાકોર, લક્ષ્મણ ભાઈ પટ્ટણી વિગેરેએ મંતવ્યો આપી પેન્શન અંગે સહમતી આપી હતી. પુર્વ ધારાસભ્ય વાલજીભાઈ દનીચાએ જણાવ્યું હતું કે પેન્શન મેળવવા તથા અન્ય રાજયોમાં મળતા પેન્શન અને અન્ય સુવિધાઓ છે તેના વિવિધ લેખીત પુરાવા સાથે રજુઆત કરવામાં આવી રહી છે. પેન્શન મેળવવા માટે લડત ચલાવવા માટે બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાતના પુર્વ ધારાસભ્યો આજે પણ સક્રીય રહીને રાજફના વિકાસમાં યોગદાન આપી રહ્યા છે અને આપશે તેવું જણાવ્ફું હતું. બેઠકમાં કનુભાઈ, અરવિંદ પટેલ, ઈશ્વરભાઈ પટેલ, દિપસિંહ રાઠોડ, શિવજીભાઈ આહીર, મહેશકુમાર પટેલ, જશુભાઈ પટેલ, જયસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ રહેવાર, ગોવિંદ માધવ, રમીલાબેન દેસાઈ, ટપ્પુભાઈ લિંબેસીયા, દિલુભા ચુડાસમા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આરંભમાં દિવંગત ધારાસભ્યોને અંજલિ અપાઈ હતી.

# ગુજરાતમાં સહકારી મંડળીઓની ચૂંટણી ૬ મહિના માટે સ્થગિત

ગાંધીનગર,

ગાંધીનગર ખાતેથી ગુજરાતના સહકારી ક્ષેત્ર (Coope®aive Sector) સાથે જોડાયેલા લાખો લોકો અને રાજકીય આગેવાનો માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને નિર્દિષ્ટ સહકારી મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની ચૂંટણીઓ આગામી ૬ મહિના સુધી સ્થગિત (Postponed) કરી દીધી છે.

રાજ્યમાં ચાલી રહેલી 'SIR' (Special Investment Region) ની કામગીરીને ધ્યાનમાં રાખીને વહીવટી સરળતા માટે આ પગલું ભરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં SIR ની અત્યંત મહત્વપૂર્ણ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં મહેસૂલી તંત્ર (Revenue Department) અને વહીવટી સ્ટાફ સંપૂર્ણપણે રોકાયેલો છે. આવી સ્થિતિમાં સહકારી મંડળીઓની ચૂંટણીનું આયોજન કરવું વ્યવહારિક રીતે મુશ્કેલ હોવાથી, સરકારે ચૂંટણીઓ ન યોજવાનો નિર્ણય લીધો છે.

સરકારે આ અંગે સત્તાવાર જાહેરનામું (NOification) પણ બહાર પાડી દીધું છે. જે મુજબ, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી આગામી ૬ મહિના સુધી ચૂંટણીઓ યોજવામાં આવશે નહીં. આ નિર્ણયનો અમલ તાત્કાલિક અસરથી શરૂ થઈ જશે, જેથી વહીવટી તંત્ર પરનો બોજ હળવો કરી શકાય અને તેઓ જૈંઇ ની કામગીરીમાં ધ્યાન આપી શકે.

કાયદાકીય દ્રષ્ટિએ જોઈએ તો. 'ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧' (Guja®a Coope®aive Sociªies Act, 1961) ની કલમ-૧૬૧ હેઠળ મળેલી સત્તાની રૂએ આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય અંતર્ગત મંડળીઓને કલમ-૭૪ (C) અને કલમ-૧૪૫ (છ) થી (ઢ) સુધીની જોગવાઈઓમાંથી કામચલાઉ મુક્તિ આપવામાં આવી છે.

આ નિર્ણય રાજ્યની એવી તમામ નિર્દિષ્ટ સહકારી મંડળીઓને લાગુ પડશે જેની ચૂંટણી પ્રક્રિયા (Election Process) હાલ ચાલુ છે અથવા આગામી ટૂંક સમયમાં યોજાવાની હતી. એટલે કે, જે મંડળીઓમાં ચૂંટણીનો ધમધમાટ શરૂ થયો હતો. ત્યાં હવે બ્રેક લાગી જશે અને ઉમેદવારોએ રાહ જોવી પડશે.

જોકે, સરકારે આ આદેશમાં એક મહત્વનો અપવાદ (Exception) પણ રાખ્યો છે. સ્પષ્ટતા કરવામાં આવી છે કે જે સહકારી મંડળીઓની ચૂંટણી અંગે નામદાર હાઈકોર્ટ કે અન્ય કોર્ટ (Court Order) નો હુકમ હોય અથવા ન્યાયિક પ્રક્રિયા હેઠળ ચૂંટણી યોજવાનો આદેશ હોય, તેવી મંડળીઓને આ મુક્તિ લાગુ પડશે નહીં. ત્યાં ચૂંટણી રાબેતા મુજબ યોજાશે.

આ નિર્ણયને કારણે હાલ પૂરતું રાજ્યનું સહકારી રાજકારણ શાંત પડશે. હવે આગામી છ મહિના સુધી ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓ બંધ રહેશે, અને વહીવટી તંત્ર સંપૂર્ણપણે SIR ના પ્રોજેક્ટ અને અન્ય વિકાસના કામો પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.